શ્રી ગુરૂ ઉપદેશ ચિંતામણી.



આત્મારામ જમનાદાસ ચિકનાવાળા.
ઠે સુરત ગોપીપુરા મીરપારામ મહેતાની ગલી.

"સુરત સીટી" પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

વિષયાવલી.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	અશુદ્ધ.	શુદ્ધ.	વિષય.
૩	વાણીના	વાણીની	પ્રસ્તાવના
૫	પૂર્ણિમાં	પૂર્ણિમા	શ્રી ગુરૂ પૂર્ણિમા નિર્ણય
૮	ભારતવર્ષથી	ભારતવર્ષમા	,,
૯	સિક્ષા	શિક્ષા	,,
૧૦	શુક્રં	શુક	શ્રી ગુરૂ પરંપરા
૧૨	સ હ સોહ	હ સ સોહ	શ્રી ગુરૂ માનસીક પુજા
૧૨	સર્વોપચારીન	સર્વોપચારન	,,
૧૩	અર્ધ્યં પાધ્ય	અધ્ય પાદ્ય	આધાર ચક્ર
૧૩	,, ,,	,, ,,	સાધીષ્ટાન ચક્ર
૧૩	મનીપુર	મણીપુર	માણીપુર ચક્ર
૧૪	અર્ધ્ય પાધ્ય	અર્ધ્ય પાદ્ય	,,
૧૪	,, ,,	,, ,,	અનાહદ ચક્ર
૧૪	ૠ, લૃ,	ૠ, લૃ, લૄ,	વિશધ્ધ ચક્ર
૧૫	અલંકારસહિત ચ	અલંકાર ભૂષિત ચ	,,
૧૫	દેવતાયૈ નમ	દેવતાય નમ.	,,
૧૫	અર્ધ્ય પાધ્ય	અર્ધ્ય પાદ્ય	,,
૧૫	,, ,,	,, ,,	અગ્નિ ચક્ર
૧૬	સિરસ્થનિ	સીરસ્થાને	અજરામર ચક્ર
૧૬	અર્ધ્ય પાધ્યં	અર્ધ્ય પાદ્ય	,,
૧૬	વિવેદ્યામિ	નિવેદ્યામી	

૧૬	દત્તત્રય	દત્તાત્રયાય, શ્રી ગુરૂ દત્તાત્રયાય	પટ્ચક્ર સ્તોત્રમ્
૧૬	તદ્દિત્રગ	તદ્દલિંગં	,,
૧૬	વાગ્યતિરમણું	વાગ્પ તિરમણું	,,
૧૭	લક્ષ્મીકાંત	લક્ષ્મીકાન્ત	,,
૧૮	ભસિતાંગં	ભૂસિતાંગં	,,
૧૮	કાંતાનાથ	કાન્તાનાથં	,,
૧૮	વિશ્વોત્કીર્ણ્મ+નેક,	વિશ્વોત્કીર્ણમનેક	અથધ્યાનમ
૧૯	ખ દચિદ્દ	ખડચિદ્ર	,,
૧૯	ત્ઘનન્તં	ઘનન્તં	,,
૧૯	,,દક્ષ્ય	દક્ષ	,,
૧૯	નિત્યાનન્દાખ્યં	નિત્યાનન્દમયં	,,
૨૦	મસ્ત	મસ્તક	,,
૨૦	તમાંદોદકજ્ઞ	તત્ પાદોદકં	,,
૨૭	છુટો	છુટ્ટુ	શ્રી ગુરૂ મહીમાં
૨૯	શ્રુતિમતિથાં	શ્રુતિમતથી	સાધન શ્રેણી
૨૯	અજ્ઞા,	અજ્ઞાન	,,
૩૦	ભોગ વિએક	ભોગવી, એક	,,
૩૧	કપટને	કુસંપને	લલીત છંદ
૩૩	અતિ	અસ્તિ	હરિગીત છંદ

ૐ

શ્રીગુરૂ ઉપદેશ ચિંતામણિ.

—રચનાર—

શ્રીમત પરમહંસ પરિવ્રાજક સ્વામિ શ્રીહરિહરાનંદ ગીરી મહારાજ.

મુ. પરમપાવની **નર્મદાજી** કીનારે **શ્રીગુરૂદત્ત** મંદીર

ગામ **નીકોરા,** સ્ટેશન **ચમારગામ.**

—છપાવી પ્રસિદ્ધ કરનાર—

આત્મારામ જમનાદાસ વિછીવાવાળા,

ઠે **સુરત** ગોપીપુરા કીરપારામ મહેતા સ્ટ્રીટ

સુરત—ચૌટાના પુલ ઉપર આવેલા **'સુરત સીટી'** પ્રીન્ટીંગ પ્રેસમા **ઠાકોરદાસ માનસિંગે** છાપી.

પ્રથમ આવૃત્તિ ૧૦૦૦

સંવત ૧૯૭૨ સને ૧૯૧૫

કીંમત ૩ આના (પોસ્ટેજ જુદુ)

અર્પણપત્રિકા.

ॐ તત્સપરમાત્મને નમઃ

પૂર્વે કાળમાં અત્રી નામનાં મહાન રૂષિ હતા તેમને અનસૂયા નામની પતિવૃતા સ્ત્રી હતી કે જેને વિષ્ણુ અંશથી શ્રીદત્તાત્રય ભગવાનનો જન્મ થયો કે જેની કીર્તિ હાલ પણ પ્રખ્યાત છે. દત્તાત્રય ભગવાન કેવાં છે? કે જેને ૬ હસ્ત છે. પગમાં પાદુકા પહેરેલ છે, પીળા પિતામ્બર ધારણ કરેલ છે, કૌસ્તુભમણીની માળા પહેરેલ છે પ્રથમ હસ્તમાં ચક્ર, દ્વિતિય હસ્તમાં શંખ, તૃતિય હસ્તમાં કમંડળ, ચતુર્થ હસ્તમાં ત્રિશુળ, પાંચમા હસ્તમાં ડમરૂ, છઠ્ઠા હસ્તમાં રૂદ્રાક્ષ કે જેમનું મુખાર્વીંદ પ્રસન્ન છે, યજ્ઞોપવિત ધારેલ છે માથે મુગટ પહેરેલ છે એવા જે ભક્તવત્સલ દત્તાત્રી ભગવાન કે જેમને આ ગુરૂ ઉપદેશ ચિંતામણી નામનું લઘુ પુસ્તક તેમનાં આજ્ઞાન્કિત અને નમ્રભક્ત રચનારે સવિનય પ્રેમ ભક્તિપૂર્વક અર્પણ કર્યું.

લી. સેવક

પ્રસિદ્ધ કર્તા.

ઓમ્ શ્રીગણેશાયનમઃ

પ્રસ્તાવના.

यस्य देवे परा भक्ति र्यथादेवे तथा गुरौ ॥
तस्यै ते कथिता ह्यर्था प्रकाशन्ते महात्मनः ॥

જ્ઞાનીઓની વાણીના પ્રસાદીના સંગ્રહરૂપ આવા પુસ્તકની પ્રસ્તાવના લખવી એ મારા જેવા અલ્પજ્ઞ જીવથી બનવુ અશક્ય છે છતાં આ પુસ્તકનો વિષય તેમજ હેતુ શું છે તે વિષે આ ઠેકાણે બે શબ્દ લખવા યોગ્ય સમજું છું.

બન્ધુઓ સમય પ્રતિદિન બહુજ બારીક થતો જાય છે ગુરૂ પ્રત્યે શિષ્યોની વૃતિ નિતિરીતિમાં ઘણુંજ ફેરફાર થતો જાય છે આવા વિપરિત સમયને જોઇને ધર્મપ્રેમી મનુષ્યના હ્રદય ખિન્ન થાય એ સંભવિત છે.

પૂર્વે શ્રીરામચંદ્રજીએ પોતાના ધર્મગુરૂ વસિષ્ઠજી સાથે કેવું યોગ્ય વર્તન રાખ્યુ હતું શ્રીરામચંદ્રજી વિષ્ણુ અંશી હોવા છતાં પોતાના ગુરૂના વચનો ઉપર કેવી શ્રદ્ધા રાખતાં હતા, દરેક કાર્યોમાં ગુરૂની સલાહ લેતા હતા કે જેથી તેઓને કોઇ કાર્યમાં ત્રુટી આવતી નહતી વળી કુરૂવંશી અર્જુને ગુરૂ દ્રોણાચાર્ય પાસે દરેક વિદ્યા સંપાદન કરી હતી જેને કે દુષ્ટ કૌરવો જ્યારે ગુરૂ દ્રોણાચાર્ય પાસે વિદ્યા શીખવા જતાં ત્યારે અર્જુનને તેઓના જોડા સાચવવા બેસાડી પોતે ગુરૂ પાસે

વિદ્યા શિખવા જતાં, ગુરૂ દ્રોણાચાર્ય મેડી ઉપર કૌરવોને જે જે કર્મ શિખવતા તે ચતુર અર્જુન શ્રવણ કરી યાદ રાખતા હતા હવે એક વેળા દ્રોણાચાર્યે પોતાના શિષ્યોને વિદ્યા આવડી કે કેમ ? તેની પરિક્ષા કરી તો તેમાં દુષ્ટ કૌરવો નિષ્ફળ નીવડયા અને ચતુર અર્જુન ફલદાયક નીવડયા અને તેથી ગુરૂની કૃપાથી (વિદ્યા સંપાદનથી) તેઓ દુષ્ટ કૌરવોને પણ હાર કરી રાજ્યપદને પ્રાપ્ત થયા હતા તો આહાહા ગુરૂનો કેટલો બધો પ્રતાપ કે જેથી મહાત્મા અર્જુન પણ આ અસાર સંસારરૂપિ ઉદધીને પાર તરી મોક્ષપદને પ્રાપ્ત થયા તો મહાશયો આ પુસ્તક પણ ગુરૂ પ્રત્યે શિષ્યોની યોગ્ય વૃતિ વધારવા માટે પ્રસિદ્ધ કર્યું માટે એને જે મનુષ્ય અચળ શ્રદ્ધાથી વાંચી નિ:સંદેહ યુક્તિપૂર્વક એનો વિચાર કરશે અને શાર ગૃહણ કરશે તે આ અથાગ સંસાર રૂપી સાગરને પાર પામી જીવનમૂક્ત દશાને પામશે આ લઘુ પુસ્તકમાં જે કંઇ દોષ જનવામાં આવે તે બાબદ વિદ્વજ્જનો પ્રત્યે મારી નમ્ર યાચના છે કે તમણે તે સર્વ દરગુજર કરી હંશક્ષીર ન્યાયે માત્ર સાર ગૃહણ કરવો કારણકે માણસ માત્ર ભૂલથી ભરેલા છે તે બદલ મહાશયો પ્રત્યે મારી નમ્ર યાચના છે કે તે સર્વ દરગુજર કરશો.

લી. પ્રસિદ્ધ કર્તા,

સં. ૧૯૭૧ અશ્વિન ૨ ને રવીવાર
તા. ૧૦મી અકટોમ્બર સને ૧૯૧૫

આત્મારામ જમનાદાસ
વિછવાવાળા.

ॐ

શ્રી ગુરૂ પૂર્ણિમાં નિર્ણય.

યદ્યપિ ભારતમાં જાતીય વ્યવહારોમાં બ્રાહ્મણોની શ્રાવણી ક્ષત્રિયોની વિજયાદશમી વૈશ્યોની દીપાવળી અને શૂદ્રોની હોલીજ જગત્ પ્રસિદ્ધ છે તથાપિ આ આષાઢી પૂર્ણિમા પણ એક એવું પર્વ છે જેને ગુણાનુસાર સર્વ જાતિઓને માટે ઉપયોગી કહેવામા આવે તો કાંઈ અનુચિત ગણાય નહિ આ ભારતના અન્યાન્ય વ્યવહારોની જે કારણને લીધે સૃષ્ટિ કરવામા આવેલ છે અને ભારતના મહાન્ આચાર્યોએ તો જે વિચાર કરીને આ વ્યવહારોને પ્રચલિત કીધા છે તે વાતના ઉપર ધ્યાન આપવાથી સ્પષ્ટ વિદિત થશે કે (આ વ્યવહારોમાં) ગૂઢતત્ત્વ અને ઉચ્ચશ્રેણીની શિક્ષા મળેલી છે તથા જેના ઉપર ધ્યાન દઈને કામ કરનારાઓ ઉચ્ચશ્રેણીની શિક્ષા ગ્રહણ કરી શકે છે અને કરી શક્યા છે.

આષાઢ શુકલ ૧૫ ને ગુરૂપૂર્ણિમા અથવા આષાઢી પૂર્ણિમા કહેવાય છે યદ્યપિ આ વ્યવહારમાં કેવળ ગુરૂનુ પૂજનજ તેઓનું કૃત્ય રાખવામાં આવેલ છે તથાપિ આ વ્યવહારથી સ્પષ્ટ પ્રકટ થાય છે કે પૂર્વમાં આ દેવભૂમિ ભારતમાં ગુરૂનો કેટલો આદર કેટલું માન અને સત્કાર કરવામાં આવતા હતા ભારતવાસી પોતાના શિક્ષક ગુરૂને કયા

પ્રકારથી પૂજન કરી આનન્દ પ્રાપ્ત કરતા હતા અને કઈ પ્રણાલીથી ગુરૂના પૂજન વગેરે કરવાનો પ્રચાર ભારતવર્ષમાં હતો એમાં કાંઈપણ સન્દેહ નહિ કે પ્રથમ સમયમાં ભારતવાસિઓને માટે ગુરૂજ તેઓના પિતા રક્ષક શિક્ષક અને આપત્તિઓથી બચાવનાર સમજવામાં આવતા હતા. ગુરૂ પોતાના પુત્ર સમાન બાલકોનું લાલન, પાલન. અને તેઓના શિક્ષણનુ કાર્ય કરતા હતા. તેઓ એમ નહિ સમજતા હતા કે, આ અમારો પુત્ર નહિ કિન્તુ અન્યનો પુત્ર છે અને સમય પડવાથી મારે કામ આવી શકનાર નથી. શાસ્ત્રવિદ્યા, કલાકૌશલ આદિ જેટલા પ્રકારની વિદ્યા પ્રચલિત છે તે સર્વના દાતા ગુરૂજ માનવામાં આવતા હતા. એક ગુરૂના પાસે પહોંચીને વિદ્યાર્થીને પુન. અન્ય કોઈનું મુખ જોવુ પડતું ન્હોતું ગુરૂ તેના અધિકારાનુસાર શિક્ષા આપીને અન્તમાં તેને સાંસારિક કાર્યોમાં યોગ્ય બનાવી આપતા હતા અને શિષ્ય પણ પોતાના તન મન અને ધન ગુરૂસેવામાં અર્પણ કરી પોતાને કૃતાર્થ માનતા હતા. ગુરૂની સેવા કરવી એ શિષ્ય પોતાનું પ્રધાન કર્તવ્ય માનતો હતો. તે સમયના શિષ્યો પોતાને ગુરૂચરણોમાં અર્પણ કરી ગુરૂને આ પ્રકારે પોતાના કાર્યોથી પ્રસન્ન કરી લેતા હતા કે ગુરૂને પણ બાધ્ય થઈને શિષ્યોને પોતાના બાલકો સમાનજ માનવા પડતા હતા ગુરૂની પૂજનસામગ્રી એકત્ર કરવી ગુરૂની સેવા શુશ્રુષા કરવી હોમને માટે (સમીધા) વિણી લાવવા વન જંગલોમાંથી ફલ, ફુલ, કન્દ, મૂલ વગેરે લઈ આવવા ગુરૂના કાર્યમાં આવનારા

સર્વ પદાર્થોને એકત્રિત કરવા તથા કોઈ પ્રકારથી ગુરૂના કાર્યમાં ત્રૂટી આવવા નહિ દેવી એ શિષ્યો પોતાનું કર્યવ્ય સમજતા હતા. અને આ કર્તવ્યોને પાલન કરનાર શિષ્યજ અસલ શિષ્ય સમજવામાં આવતા હતા આજ પ્રકારથી ગુરૂશિક્ષાના અનુસારજ શિષ્ય પણ પોતાની સજ્ઞાનતા પ્રકટ કરતાં આ જગત્માં ગુરૂના પ્રેમપાત્ર બની પોતાની કીર્તિની સાથેજ ગુરૂની કીર્તિ પણ સ્થાયી કરી દેતા હતા. યદ્યપિ ભારતના દિવસ પરિવર્તના સગાથેજ કાલચક્રના ફેરમાં પડીને ભારતની આ પ્રથા પણ દિવસો દિવસ પરિવર્તિત થઈ રહી છે. હવે ન તો ગુરૂઓજ શિષ્યનુ એટલું માન રાખે છે અને ન તો શિષ્ય પણ ગુરૂનો એટલો આદરમાન કરે છે અને પશ્ચિમીય સભ્યતાના ઉદયના સંગાથેજ ગુરૂનું માન સન્માન નષ્ટ.પ્રાય થતું જાય છે. તથાપિ અત્યાર સુધી પુરાતન પરિપાટી ઉપર ચાલનારા ભારતમાતાના હિન્દુ સન્તાનોમાં અને સનાતનધર્માવલમ્બી સ્વધર્મરત પુરૂષોમાં થતી બહુ આ ચાલ અત્યાર સુધી ચાલી આવે છે જેને જોઈને ભારત વર્ષ પૂર્વની ગુરૂભક્તિનું કાંઇક નિદર્શન થઈ રહ્યું છે.

પૂર્વકાળમાં આ પુણ્યભૂમિ ભારતભૂમિમાં શિષ્યો ગુરૂઓને કેવી રીતે માનતા હતા તેઓનું કાંઇક નિદર્શન અમો મનુસ્મૃતિના આધાર ઉપરથી અત્રે આપવા ઇચ્છીએ છીએ જેથી વિદિત થશે કે ગુરૂઓના સમીપમાં શિષ્યો કેવી સભ્યતા અને નમ્રતા ઇત્યાદિ રાખતા હતા મહારાજા મનુ કહે છે કે, શિષ્ય જ્યારે ગુરૂના સન્મુખ "શંરીરંચૈવંખ"

વિદ્યાધ્યયન કરવા જાય ત્યારે સર્વે પ્રકારથી પોતાના મન દેહ ઈન્દ્રિય વગેરેનુ દમન કરતો ગુરૂના સન્મુખ હાથ જોડીને ઉભો રહે અને બેસી જાય નહિ આનો મતલબ એજ છે કે, શિષ્ય ગુરૂના સન્મુખ પહોંચતાંજ નહિ જાણુ ગુરૂજી શુ આજ્ઞા કરે, અથવા કોઈ એવુ કાર્ય બતાવે જે તત્ક્ષણાત્ કરવું શિષ્યને માટે આવશ્યક છે આના શિવાય ગુરૂજીની આજ્ઞા વિના બેસી જવાથી તેઓની માન રક્ષા થતી નથી તેથી શિષ્યે તેઓના સન્મુખ ઉભા રહેવુજ ઉચિત છે. અને વળી જેથી ગુરૂની સમાનતા ન દેખાય તેને માટે ગુરૂથી અન્નવસ્ત્રાદિ હરએક પદાર્થ ઉતરતાં વાપરવા, ગુરૂના શયન પશ્ચાત્ સુવુ, અને સદૈવ ગુરૂ કરતાં નિચા આસન ઉપર બેસવુ, અને જ્યાં ગુરૂની નિન્દા થતી હોય, ત્યાં ઉભા ન રહેવું અથવા કાન બંધ કરી લેવા ઇત્યાદિ.

મહાત્મા મનુના બતાવેલા નિયમોમાંથી થોડાકજ નિયમોના અવલોકનથી પાઠક સમજી શકે છે. કે પૂર્વના સમયમાં ગુરૂ શિષ્યનો વ્યવહાર કેવો અનુકરણીય હતો. શિષ્યો ગુરૂનુ કેટલું માન રાખતા હતા. અને તેઓના સન્મુખ કેવા પ્રકારથી નિયમબદ્ધ થઈને શિક્ષા ગ્રહણ કરતા હતા.

પરન્તુ દુઃખથી લખવું પડે છે કે, ભારતવર્ષથી આ નિયમોનું પાલન અને ગુરૂના આટલા આદરમાન વગેરે એક પ્રકારથી બીલકુલ ઉડી ગયાં છે. પશ્ચિમીય સભ્યતાના ઉદય થતાંજ આ ગુરૂ સન્માન કોણ જાણે કઈ ગુફામાં ગુપ્ત થઈ ગયું છે. હવે શિષ્ય સમજવા લાગ્યા

છે કે, ગુરૂથી મારો સમ્બન્ધજ શું છે? ગુરૂ મારા પાંચ અથવા છ કલાકના નોકર છે અથવા કાન ફૂંકનારા અને જનોઈ આપનારા ગુરૂ કેવળ ભેટ અથવા દક્ષિણાના અધિકારી છે અત્યારે ગુરૂઓનું માન નહિ કિન્તુ પદપદમાં રૂપાન્તરથી અપમાનજ થતુ જોવામાં આવે છે. અત્યારે ગુરૂ કેવળ ભેટ દક્ષિણાના અધિકારી રહી ગયા છે શિષ્યનાથી અન્ય સમ્બન્ધજ શું છે? જો સારી રીત્યે આ વિષયમાં વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ માલૂમ થઈ શકે છે કે, શિક્ષાપ્રણાલીનું પરિવર્તનજ આ સર્વ અનર્થોની જડ છે બાલકોના માતા પિતાનું એ વાત તરફ ધ્યાનજ નથી કે, અમારા બાલકોની સિક્ષા કેવી થઈ રહી છે અને તેઓની ચાલચલણ આ સમયે કેવી થઈ રહી છે. પ્રથમ માતાપિતા પોતાના બાલકોની શિક્ષાના સગાથે એ વાતનું ધ્યાન રાખતા હતા કે બાલકનુ વર્તન કેવા પ્રકારનુ છે. માતા પિતાના ઉપરાંન્ત જે ગુરૂની સેવામાં તેઓ અર્પણ કરવામાં આવતા હતા તેઓ પણ આ બાબતો ઉપર પૂરેપૂરૂ ધ્યાન રાખતા હતા કે, બાલક કુમાર્ગ તરફતો ગમન કરતો નથી? બાલક એવું તો કાંઈ કાર્ય કરતો નથી! કે જેથી તેની શારીરિક અથવા માનસિક ઉન્નત્તિ થવી અસમ્ભવ થઈ જશે અને જ્યારે આટલી વાતો ઉપર તેઓ ધ્યાન રાખતા હતા ત્યારે તે શિષ્ય પણ ઉચ્ચ આકાંક્ષાને વશીભૂત દૃઢચિત્ત કર્મિષ્ઠ અને સંસારમાં નામ પેદા કરનારા થતા હતા. આ ગ્રંથનો ઉદ્દેશ માત્ર ગુરૂપૂર્ણિમાંનો વ્યવહાર ગુરૂ પરંપરા જાણનાર અધિકારી શિષ્યોએ દર

વર્ષે નિયમશર પાળવો જોઇએ અને તેમાં ખાશ ગુરૂનું પૂજનઆદિ કરવું એ ઉત્તમ અધિકારી પુરૂષોનું કર્તવ્ય છે.

ગુરૂ પરંપરા જાણુવાથી શિષ્યોને સુખેથી ગુરૂનું જે જ્ઞાન હોય તે પ્રાપ્ત થાય છે.

શ્રીગુરૂપરંપરા.

નારાયણુમ્ પદ્મં ભવં વસિષ્ઠં, શક્તિંચ તત્પુત્ર પરાશરંચ,
વ્યાસં શુકં ગૌડપદ્દમ મહાન્તં, શિવાવતારં યતિ સાર્વભોમં.
કુસ્માંડજાતં ગુરૂ શંક્રાચાર્યં, તચ્છિસ્ય હસ્તામલકં પ્રપધ્યે સુરેશ્વરં,
પદ્મપાદં મૂનીદ્રમ, તં ત્રોટકં, વાર્તિકઆચાર્યં મન્યમ્સદ્દગુરૂ ત નમામી.

(ઇતિ આચાર્ય પરંપરા.)

(ગુરૂમંત્ર વિધાન.)

ઓમ્ શ્રીગણેશાયેનમ:

શ્રીસદ્દગુરૂ ચરણુકમલેભ્યો નમઃ

ગુરૂમંત્ર વિધાન.

ૐ યસ્ય શ્રીગુરૂ ગીતામાલા મંત્રસ્ય.

ૐ ભગવાન શદાશીવ ઋષયેનમઃ (શિર્ષે)

ૐ વિરાટ્ છંદસેનમઃ (મૂખે)

ૐ શ્રી સદ્દગુરૂ પરમાત્મા દેવતાયૈનમઃ (હૃદયે)

હં બીજં સ:હ શક્તિ સોહં કિલકંમ

શ્રી સદ્‌ગુરૂ કૃપાપ્રસાદ સિદ્ધિર્થે જપે વિનીયોગ.

ૐ હં બીજાયનમ: મુળાધારે (ગુદાચક્ર)

ૐ સ શક્ત્યૈ નમ. પાદ્યો (પગે)

ૐ સોહં કિલકાય નમ (સર્વાંગે)

(ઇતિ)

કરન્યાશ.

ૐ હાં અંગુષ્ટાભ્યાંનમ:

ૐ હ્રી તર્જનીભ્યાંનમ:

ૐ હુ મધ્યમાભ્યાંનમ:

ૐ હૈં અનામિકાભ્યાંનમ.

ૐ હૌ કનિષ્ટિકાભ્યાંનમ·

ૐ હં કરતલકર પ્રષ્ટાભ્યાંનમ:

ઇતિ

(ૐ હૃદયાયનમ:)

ૐ હાં શિર્ષે સ્વાહા:

ૐ હીં શિખાએ વષટ્

ૐ હું કવચાય હું.

ૐ હૈ નેત્ર ત્રયાય વૌષટ્

ૐ હૌ અસ્ત્રાય ફટ્

ઇતિ.

(ધ્યાન)

ॐ બ્રહ્મરંધ્રે સહસ્ત્રદલ કમલે વિદ્યુત્પ્રભા સદૃશ કર્ણિકાયાં હંસઃ સોહં સ્વાહા તન્મધ્યે મોક્ષાધિપની પરમાત્મને સ્વપ્રકાશ રૂપં શ્રી ગુરૂધ્યાત્વા ઈતિ

શ્રીગુરૂ માનસીક પુજા.

ॐ શ્રી પરમાત્મા ગુરૂભ્યોનમ ॐ શ્રી પેરાત્પર ગુરૂભ્યોનમ.

ॐ હંસ સોહ સદ્‌ગુરૂ પરમાત્મને લ ભમ્યાત્મક ગંધ સમર્પયામિ.

ॐ હ સ સોહ સદ્‌ગુરૂ પરમાત્મને હં આકાશાત્મક પુષ્પ સમર્પયામિ.

ॐ હ સ સોહ સદ્‌ગુરૂ પરમાત્મને ય વાયવ્યાત્મક ધૂંપ સમર્પયામિ.

ॐ હંસ સોહ સદ્‌ગુરૂ પરમાત્મને ય અગ્ન્યાત્મક દિપ સમર્પયામિ.

ॐ સ હ સોહ સદ્‌ગુરૂ પરમાત્મને વ અમૃતાત્મક નૈવેદ્ય સમર્પયામિ.

ॐ હંસસોહં સદ્‌ગુરૂ પરમાત્મને સ સર્વાત્મને તાંબુલાદિ સર્વોપચારીન સમર્પયામિ.

ઈતિ.

ગુરૂપરંપરા ચક્ર પૂજા.

આધાર ચક્ર.

(૧) આધારચક્રે ગુહ્યસ્થાને ચતુર્દલપદમં ચતુર્વર્ણં ચતુર્માત્રીકા સહીતં વાદીસ્યેત વંશંપંસં ચતુરે પરીવારે દેવતા સીદ્ધીબુદ્ધિ શક્તિ સુપિકવાહન ॥ કુરસકમંડલ વાદ્યાંમ્બર આયુધં ॥ અલંકાર ભુષિતં

ચ પરીવાર સંગોપ્યં ॥ શ્રીગણેશાયનમઃ ગણેશ સ્વરૂપી પરમાત્મા દેવતા ષોડશોપચારે પુજનાત દર્શનં અહ કરીષ્યેત આવાહનં આશનં સ્થાપનં, અર્ધ્યપાધ્ય અર્ચન સ્નાન આચમન યજ્ઞોપવીતં ચંદન પુષ્પ ધુપં દીપં નૈવેદ્ય આરાર્તીક દંડવ્રતં પ્રદક્ષિણ સ્તુતિ ઘટીકામેકપલ ચાલીશ એતત સાખ્ય આત્માવિશ્રાંત એન આધારચક્રે જાપ્યં કુર્યાત ષટશતાની અજપાગાયત્રી નીવેદ્યામી ॥ ઇતિ ॥

સાધીષ્ટાન ચક્ર.

(૨) સાધીષ્ટાનચક્રે લીગસ્થાને ષટદલપદ્મં ષટવર્ણં ષટમાત્રીકા સહીતં બાદીસ્યેત બભમયંરલ ષટદલપરિવાર દેવતાયૈનમ. પીતવર્ણ સંબીજં અગ્નિરૂપિ બ્રહ્માદેવતા સાવિત્રીશક્તિ હંશવાહન દંડ, કમંડલ પુસ્તક આયુધ ચ અલંકાર ભુષિત પરિવાર સંગોપ્ય શ્રીબ્રહ્મણેનમઃ બ્રહ્માસ્વરૂપી પરમાત્મા દેવતા ષોડશોપચારે પુજનાત દર્શનં અહં કરીષ્યેત આવાહન આશન સ્થાપનં અર્ધ્યપાધ્યં અર્ચનં સ્નાનં આચમન યજ્ઞોપવીત ચદનં પુષ્પં ધુપ દીપ નૈવેદ્યં આરાર્તીકં દંડવ્રત પ્રદક્ષિણ સ્તુતિ ઘટિકાષોડશપલ ચાલીશ એતત્ શાંખ્ય આત્માવિશ્રાંતયેત સાધીષ્ટાને ચક્રે જાપ્ય કુર્યાત ષટશહસ્ત્ર અજપા ગાયત્રિ નિવેદ્યામિ ॥ઇતિ॥

મનીપુર ચક્ર.

(૩) મનીપુરં ચક્રે નાંભીસ્થાને દશદલપદમં દશવર્ણં દશમાત્રિકા સહિતં ડાદીસ્યેત ડંઢંણંતંથંદંધંનંપંફં દશપરિવાર દેવતાયૈનમઃ નીલ-વર્ણં મંબીજ પવન રૂપિશ્રી વિષ્ણુદેવતા મહાલક્ષ્મી શક્તિ ગરૂડવાહન

શંખચક્રગદાપદ્મ આયુધં ચ અલંકાર ભુષિતં ચ પરિવાર સંગોપ્ય શ્રીવિષ્ણુવેનમ· વિષ્ણુસ્વરૂપી પરમાત્મા દેવતા ષોડશોપચારે પુજનાત દર્શનં અહંકરીષ્યયેત, આવાહનં આસનં સ્થાપનં અર્ધ્યપાધ્યં અર્ચનં સ્નાનં આચમનં યજ્ઞોપવિત ચંદનં પુષ્પ ધુપં દીપં નૈવેદ્યં આરાર્તીકંદડવ્રતં પ્રદક્ષિણં સ્તુતિ. ઘટીકાષોડશયલ ચાલીશ એનત્ શાંખ્ય આત્માવિશ્રાંતયેત મનીપુરચક્રે જાપ્યં કુર્યાત પટસહસ્ત્ર અજપા ગાયત્રિ નિવેદયામી ॥ ઇતિ ॥

અનાહદ ચક્ર.

અનાહદ ચક્રે હૃદયસ્થાને દ્વાદશદલપદમ દ્વાદશવર્ણ દ્વાદશ માત્રિકા સહીતં કાદીસ્યેત કખગઘઙચછજઝઞટઠ દ્વાદશપરિવાર દેવતાયૈનમ. સ્ફટીકવર્ણ રંગબીજ સુર્ય રૂષિરૂદ્રદેવતા ઉમાશક્તિ વૃષભવાહન ત્રિશુલવાઘાંબર પીનાક આયુધ ચ અલંકારભુષિત ચ પરિવાર સગોપ્ય શ્રીરૂદ્રાયનમ. રૂદ્રસ્વરૂપી પરમાત્મા દેવતા ષોડશોપચારે પુજનાત દર્શનં અહંકરીષ્યયેત, આવાહનમ આસનં સ્થાપનં અર્ધ્યપાધ્ય અર્ચનં સ્નાનં આચમનં યજ્ઞોપવિતં ચદન પુષ્પં ધુપ દીપં નૈવેદ્યં આરાર્તીકંદંડવ્રત પ્રદક્ષિણં સ્તુતિ. ઘટિકાષોડશ એનત્ શાંખ્ય આત્માવિશ્રાંતયેત અનાહદ ચક્રે જાપ્યં કુર્યાત પટસહસ્ત્ર અજપા ગાયત્રિ નીવેદયામી ॥ ઇતિ ॥

(દંડવૃત્ત.)

વિશદ્ધ ચક્ર.

(૫) વિશુધ ચક્રે કંઠ દેશે ષોડશદલ પદમ ષોડશવર્ણ ષોડષ માત્રિકા સહીતં આદિસ્યેત અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ૠ, ૠ, લૃ,

એ, ઐ, ઓ, ઔ, અં, અઃ ષોડષ પરિવાર દેવતાય નમઃ ધુમ્રવર્ણજં બીજં ઈંદ્રિ રૂષિ જીવ દેવતા અવિદ્યાશક્તિ આકાશ વાહન અધર આયુધં ચ અલંકાર સહિતં ચ પરિવારસંગોપ્ય ૐ જીવાત્મા દેવતા-યૈનમઃ જીવ સ્વરૂપી પરમાત્મા દેવતા ષોડષોપચારૈ પુજનાત્ દર્શનં અહંકરીષ્યયેત્ આવાહનં આસનં સ્થાપનં અર્ધ્યં પાધ્યં અર્ચનં સ્નાનં આચમનં યજ્ઞોપવિતં ચંદનં પુષ્પં ધુપં દીપં નૈવેદ્યં આરા-ર્તીકદવ્રતં પ્રદક્ષિણં સ્તુતિ ઘટીદ્વય પલ ચાલીશ ઔર ચાલીશ એતત સાંખ્ય આત્મા વિશ્રાંતયેત વિશુદ્ધચક્રે જાપ્યંકુર્યાત સહસ્ત્રમેક અજંપા ગાયત્રિ નિવેદયામી ॥ઇતી॥

અગ્નિચક્ર.

(૬) અગ્નિચક્રે ભ્રુવોસ્થાને દ્વિદલપદ્મં દ્વિવર્ણ દ્વિમાત્રિકા સહિતં વાદીસ્યેતહક્ષં દ્વિપરીવાર દેવતાય નમઃ હંબીજં હંશરૂષિ પરમહંશ દેવતા ક્રિયાશક્તિ સુન્યવાહન નીરાકાર આયુધચ અલંકાર ભુષિતમ પરિવાર સગોપ્યં શ્રીપરમાત્મા દેવતાય નમ. પરમાત્મા સ્વરૂપી દેવતાઃ ષોડષોપચારે પુજનાત દર્શન અહ કરીષ્ય યેત. આવાહન આસનં સ્થાપનં અર્ધ્યપાધ્યં અર્ચનં સ્નાન આચમન યજ્ઞોપવિતં ચંદનં પુષ્પ ધુપં દીપં નૈવેદ્યં આરાર્તીકડવ્રતં પ્રદક્ષિણં સ્તુતિ ઘટીકા દ્વય, પલ ચાળીસ એતદશાંખ્ય આત્મા વિશ્રાંત એત, અગ્નિચક્રે જાપ્યં કુર્યાત સહસ્ત્રમેક અજપા ગાયત્રિ નીવેદયાત્રી ॥ઇતી॥

અજરામર ચક્ર.

(૭) અજરામર ચક્રે સિરસ્થનિ સહસ્ત્રદલ પદમં સહસ્ત્ર વર્ણ હંબીજં ગુરૂ રૂષિ. પરમગુરૂ દેવતા અવ્યક્તશક્તિ પરમસુન્ય વાહનં નીરાકાર આયુધંચ અલકાર ભુષિતં ચ પરિવાર સગોય શ્રીગુરૂભ્યો નમઃ પરમગુરૂ સ્વરૂપી પરમાત્મા દેવતા ષોડષોપચારે પુજનાત દર્શનં અહંકરીષ્યયેત, આવાહન આસનં સ્થાપન અર્ધ્યપાધ્ય અર્ચનં સ્નાનં આચમનં યજ્ઞોપવિતં ચંદનં પુષ્પં ધુપંદીપ નૈવેદ્યં આરાર્તીકડક્ષતં પ્રદક્ષિણં સ્તુતિ સહસ્ત્ર એક અજપા ગાયત્રી વિવેદ્યામી ાાઇતિાા શ્રી ગુરૂપૂજા સમાપ્ત.

(કુલ જાપ ૨૧૬૦૦ ઇતિ.)

શ્રી ગુરૂ દત્તત્રય ષટ્ચક્ર સ્તોત્રમ્.

મૂલાધારે વારિજપત્રે ચતરસ્રં
વં શં ષં સં વર્ણવિશાલં સુવિશાલં
રક્તંવર્ણં શ્રીગણનાથં ભગવંતં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૧

સ્વાધિષ્ઠાને ષટ્દલપત્રે તદિંત્રગં
વાલંતે તદ્દવર્ણં વિશાલં સુવિશાલં
પીતંવર્ણં વાચ્યતિરમણં દ્વિદલાંતં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૨

નાભૌપદ્મં પત્રદશાંકે ડફવર્ણં
લક્ષ્મીકાંત ગરૂડારૂઢં નરવીરં
નીલવર્ણં નિરગુણરૂપં નિગમાંતં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ 3
હૃદ્દપદ્માંતે દ્વાદશપત્રે કઠવર્ણં
સાંબશૈવં પૃણમય તં શશિવર્ણં
સર્ગસ્થિત્યં જ્યોતિસ્વરૂપં શિવશક્તિમ્
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૪
કંઠસ્થાને ચક્રવિશુદ્ધે કમલાંતે
ચંદ્રાકારે ષોડશપત્રે સ્વરવર્ણં
માયાધીશં તેજસ્વરૂપં ભગવંતં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૫
અગ્નિશ્ચક્રે ભ્રકુટિસ્થાને દ્વિદલાંતે
હંક્ષંબીજં જ્ઞાનસમુદ્રં ગુરૂમુર્તિં
વિદ્યુતવર્ણે જ્ઞાનમયંતં વિરૂપાક્ષં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૬
મૂર્ધ્નિસ્થાને દ્વામુખપદ્મે સસિબીજં
શુભ્રવર્ણં પત્રસહસ્રં સુવિશાલં
હંબીજાખ્યં વર્ણસહસ્રં તુરીયાંતં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૭
બ્રહ્માનંદં બ્રહ્મમુકુંદં ભગવંતં
બ્રહ્મજ્ઞાનં બ્રહ્મમયંતં સ્વયમેવં

બ્રહ્માત્માનં બ્રહ્મમુનીંદ્રં ભસિતાંગં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિ પ્રણતોસ્મિ ૮
શાંતાકારં શેષસયાનં સ્વરવર્ણું
કાંતાનાથં કોમલગાત્રં કમલાક્ષં
ચિંતારત્નં ચિદ્‌ઘનપૂર્ણું દ્વિજરાજ્યં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૯
ચિતિઑંકારે ધ્વનિનાદેચ સ્વચ્છંદે
આકારાંતે ક્ષરવર્ણાંતે ગણરૂપે
વેદાંતાર્થે જ્ઞાનસ્વરૂપં નિજબોધં
દત્તાત્રેયં શ્રીગુરૂમુર્તિં પ્રણતોસ્મિ ૧૦
હૃદયકમલમધ્યે દ્વીપવત્‌વેદસારં
પ્રણવમયમતર્ક્યં યોગિભિર્ધ્યાનગમ્યં
હરિગુરૂશિવયોગ્યં સર્વભૂતસ્થમેકં
સકૃદપિમનસાવૈધ્યાયતે યસ્યમૂર્તિમ્‌ ૧૧

ઈતિશ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમચ્છંકરાચાર્ય વિરચિતં દત્તાત્રેય ષટ્‌ચક્ર સ્તોત્ર નિરૂપણં સમાપ્તમ્‌ ॥

શ્રીગુરૂ

અથ ધ્યાનમ (હવે ધ્યાન કરવું)

હંસાભ્યાં પરિવૃત્ત પત્ર કમલૈર્દિવ્યૈર્જગત્કારણં વિશ્વો-
ત્કીર્ણમ નેક દેહ નિલયં સ્વચ્છંદમાનન્દકમ્‌ આદ્યન્તૈકમ-

અંદચિદ્ ઘનરસં પૂર્ણં ત્વનન્તં શુભં પ્રત્યક્ષાક્ષરવિગ્રહં
ગુરૂપદં ધ્યાયેદ્ વિભું શાશ્વતમ્ ॥૧॥

હ અને સ બીજોથી પરિવૃત પત્રવાળાં દિવ્ય કમળોથી ઉપલક્ષિત જગતના કારણરૂપ વિશ્વમાં વ્યાપક અનેક દેહોમાં વસી રહેલા સ્વતંત્ર આનંદરૂપ આદિ અને અંતમાં એકરૂપ અખંડ ચૈતન્યરૂપ નિર્વિકાર પૂર્ણ અનન્ત કલ્યાણકારી શબ્દબ્રહ્મસ્વરૂપ વિભુ અને નિત્ય ઈશ્વરરૂપ શ્રીગુરૂપદનું ધ્યાન ધરવું.

વિશ્વવ્યાપિ નમાદિ દેવ મમલં નિત્યં પરં નિષ્કલં,
નિત્યો બદ્ધ સહસ્ર પત્ર કમલં લુપ્તાક્ષરે મંડપે;
નિત્યાનન્દગુણં સુખૈક નિલયં નિત્યં શિવં સ્વપ્રભં,
ધ્યાયે હંસપરં પરાત્પરતરં સ્વચ્છંદ સર્વાગમમ્. ૨

વિશ્વમાં વ્યાપક આદિ દેવતા ત્રિગુણાત્મક માયાના દોષોથી અતીત નિત્ય સર્વથી પર અને અપરિચ્છિન્ન અક્ષર એટલે વૈખરી મધ્યમા પશ્યતી અને પરા વાણીનો જેમાં લોપ છે એવા તે વાણીથી અતીત એવા અથવા અન્ય પદ્મોમાં જેમ બીજ મંત્રો હોય છે તેમ જેમાં નથી એવા સ્થાનને વિષે જેમનું સહસ્રદલ પદ્મ સદા વિકસિત છે નિત્ય આનંદમય કેવળ સુખ સ્વરૂપ કલ્યાણકારી સ્વયપ્રકાશ હંસ એટલે બ્રહ્મમાં પર અર્થાત્ બ્રહ્મનિષ્ઠ પર એટલે શ્રેષ્ઠથી પણ જે પર એટલે શ્રેષ્ઠ છે અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ સર્વ શાસ્ત્રોનાં રહસ્ય જેમને સુસિદ્ધ છે એવા શ્રીસદ્ગુરૂનું ધ્યાન ધરવું.

ઉર્ધ્વામ્નાયગુરોઃ પદં ત્રિભુવનોંકારાખ્ય સિંહાસનં,
સિદ્ધાચાર સમસ્ત વેદ પઠિતં ષટ્ચક્ર સંચારણમ્;

અદ્વૈત સ્ફુરદગ્નિ મેક મખિલં પૂર્ણપ્રભા શોભિતં,
શાન્તં શ્રીગુરૂપદ્કંજં ભજ મનશ્ચૈતન્ય ચન્દ્રોદયમ્. ૩

સર્વોત્તમ વેદાદિ શાસ્ત્રોના જ્ઞાનના તથા ગુરૂત્વના મૂલ સ્થાનરૂપ સ્વર્ગ મૃત્યુ અને પાતાલના આધારરૂપ ૐકાર નામક સિંહાસનરૂપ (જેમ ૐકાર ત્રણ ભુવનને ટકાવે છે તેમ શ્રીગુરૂનુ ચરણ આખા શરીરને સ્તભાવનાર છે) સિદ્ધાચાર તથા સમસ્ત વેદથી સ્તવાયલું જે વડે પટ્ચક્રવેધ થાય છે તેવું અદ્વૈત પરમતત્વના પ્રકાશક અગ્નિરૂપ અદ્વિતીય નિર્મળ પુર્ણ પ્રકાશથી શોભતા શાંત ચૈતન્યરૂપ ચદ્રના ઉદય કરનાર એવા શ્રી સદ્ગુરૂનાં ચરણ કમલને હે મન તુ ભજ

નમામિ સત્ગુરૂં શાન્તં પ્રત્યક્ષં શિવરૂપિણમ્ ,
શિરસા યોગ પીઠસ્થં મુક્તિ કામાર્થ સિદ્ધિદમ્. ૪

શાંત પ્રત્યક્ષ શિવસ્વરૂપ યોગાસનના રૂઢ મોક્ષ ઇચ્છિત કામ તથા અર્થને આપનાર શ્રી સદ્ગુરૂ પરમાત્માને મસ્ત વડે પ્રણામ કરૂં છું.

પ્રાતઃ શિરસિ શુક્લાબ્જં દ્વિનેત્રં દ્વિભુજં ગુરૂં,
વરાભયકરં શાન્તં સ્મરેત્તન્નામ પૂર્વકમ્. ૫

પ્રાતઃકાલે શીર્ષને વિષે શ્વેતકમળવાળા બે નેત્રવાળા બે ભુજાવાળા વરદાન તથા અભય જેમના ઉભય હસ્તોમાં છે એવા શાંત શ્રી ગુરૂને નામ પૂર્વક સ્મરવા.

પ્રસન્ન વદનાક્ષં ચ સર્વં દેવ સ્વરૂપિણં,
નત્પાદોદકજાં ધારાં નિપતન્તીં સ્વમૂર્ધનિ. ૬

પ્રસન્ન મુખ તથા નેત્રવાળા સર્વ દેવમય શ્રીગુરૂનુ સ્મરણ કરવુ અને તેમના ચરણોદકથી ઉત્પન્ન થયેલી જળની ધારા પોતાના મસ્તક પર પડે છે એવી ભાવના કરવી

તયા સંક્ષાલયે દેહે હ્યંતર્બાહ્યગતમલં,
તત્ક્ષણાદ્વિરજો મંત્રો જાય તે સ્ફટિકોપમ્. ૭

દેહપર પડતી એ ધારાવડે રાગદ્વેષાદિ આંતર તથા સ્થલ બાહ્ય મળને ધોઈ નાંખવા તેજ ક્ષણથી એ મંત્ર સ્ફટિકતુલ્ય શુદ્ધ થાય છે

તીર્થાનિ દક્ષિણે પાદે વેદાસ્તન્મુખમાશ્રિતાઃ
પૂજયેદર્ચિતં તતુ તદભિધ્યાન પૂર્વકમ્. ૮

દક્ષિણ ચરણને વિષે સકળ તીર્થોની અને મુખને વિષે સર્વ વેદોની ભાવના કરવી અને તે અર્ચન કરાયેલા શ્રી ગુરૂનું ધ્યાન ધરી માનસ પૂજા કરવી

સહસ્રદલ પંકજે સકલ શીત રશ્મિ પ્રભં,
વરાભય કરાંબુજં વિમલ ગંન્ધ પુષ્પાંબરમ્;
પ્રસન્નવદનેક્ષણં સકલ દેવતા રૂપિણં.
સ્મરેત્ શિરસી હંસઃ તદભિધાન પૂર્વં ગુરૂમ્. ૯

કળાયુક્ત ચંદ્ર સમાન શાંતિને સ્થાપક તેજવાળા વરદાન તથા અભયરૂપ હસ્ત કમળવાળા નિર્મળ ચંદન પુષ્પ તથા વસ્ત્રને ધારણ કરનારા પ્રસન્ન મુખ તથા નેત્રવાળા સર્વ દેવમય હંસ બીજમાં રહેલા શ્રીગુરૂનુ નામોચ્ચારણ પૂર્વક મસ્તકને વિષે સહસ્રદલ પદ્મમાં સ્મરણ કરવુ.

ઇતિધ્યાનમ્ (ધ્યાન પુર્ણ થયું)

ગુર્વષ્ટકમ્.

શરીર સુરૂપં તથા વા કલત્રં યશશ્ચારૂચિત્રં ધનં મેરૂતુલ્યમ્॥
મનેશ્ચેન્ન લગ્નં હરેરંઘ્રિ પદ્મે તતઃકિં તતઃકિં તતઃકિં
તતઃ કિમ્ ॥ ૧
કલત્રં ધનં પુત્રપૌત્રાદિ સર્વં ગૃહ બાંધવાઃ સર્વમેતદ્દ્વિજાતમ્॥
ગુરોરંઘ્રિ પદ્મે મનેશ્ચન્ન લગ્નં તતઃકિં તતઃકિં તતઃકિં તતઃ
કિંમ્ ॥ ૨
ષડંગાદ્દિવેદો મૂખે શાસ્ત્રવિદ્યા કવિત્વાદિગદ્યં સુપદ્યં કરોતિ
ગુરોરંઘ્રિપદ્મે ॥ ૩
વિદેશેષુ માન્યઃ સ્વદેશેષુ ધન્યઃ સદાચાર વૃ-તેષુ મત્તા ન ચાન્યઃ
ગુરોરંઘ્રિપદ્મે ॥ ૪
ક્ષમામંડલે ભૂપાલવૃંદૈઃ સદાસેવિતં યસ્ય પાદારવિંદમ્
ગુરોરંઘ્રિ પદ્મે ॥ ૫
યશો મે ગતં દિક્ષુદાનપ્રતાપાજગદ્દસ્તુ સર્વં કરયેત્પ્રસાદાત્
ગુરોરંઘ્રિ ॥ ૬
ન ભોગે ન યોગે ન વા વાજિરાજ્યે ન કાંતાસુખે નૈવ વિ-તેષુ
ચિત્તમ્ । ગુરોરંઘ્રિ ॥ ૭
અરણ્યે નિવાસ સ્વગેહે ન કાર્યે ન દેહે મનોવર્તતે મેત્વનર્ઘ્યે
ગુરોરંઘ્રિપ ॥ ૮
અનર્ઘ્યાણિ રત્નાનિ સુભ્રાણિ સમ્યકસમાલિંગિતા કામિની
યામિનીષુ । ગુરોરંઘ્રિપદ્મે ૯

ગુરોરષ્ટકં યઃ પઠેત્પુણ્યદેહી યતિ ર્ભૂપતિ બ્રહ્મચારી ચગેહી ।
લભેદ્વાંછિતાર્થં પદં બ્રહ્મસંજ્ઞં ગુરોરૂક્ત વાકયે મનોયસ્ય
લગ્નમ્ ॥ ૧૦

(ઇતિ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમચ્છંકરાચાર્ય
વિરચિતં ગુરોરષ્ટકં સમાપ્ત ॥)

શ્રી ગુરૂ સ્તુતિ.

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાન મૂર્તિમ્ ।
દ્વંદ્વાતીતં ગગનસદ્રશં તત્વમસ્યાદિ લક્ષ્યં ॥
એકં નિત્યં વિમલ વચનં સર્વધી સાક્ષિભૂતં ।
ભાવાતીતં ત્રિગુણ રહિતં સદ્ગુરૂમ્ તં નમામિ ॥

ધ્યાન મૂલં ગુરો મૂર્તિં,
પૂજા મૂલં ગુરો પદમ્;
મંત્ર મૂલં ગુરો વાકયં,
મોક્ષ મૂલં ગુરો કૃપા.

અખંડ મંડલાકારં વ્યાપ્તંયેન ચરાચરમ્ ॥
તત્પદં દર્શિતંયેન તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બંધુ શ્ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવ દેવ.
કાયેનવાચા મન સેન્દ્રિયૈર્વા બુધ્યાત્મનાવા પ્રકૃતેઃ સ્વભાવાત્
કરોમિયદ્યત્સકલં પરસ્મૈશ્રીનારાયણાયેતિ સમર્પયામિ.

શ્રીગુરૂમહિમા.

(મંગલમ્)

(સાખી)

પ્રથમ નમું ગુરૂ દેવને જેણે આપ્યું નિજ જ્ઞાન;
ગુરૂજ્ઞાને ગોવિંદ ઓળખ્યા ટળ્યું દેહઅભિમાન. ૧
તત્વસાર ત્રિલોકમાં ગુરૂગોવિંદ એક સ્વરૂપ;
આદ્ય અંત્ય મધ્યે એક છે હરિગુરૂ સંતસ્વરૂપ. ૨
ગુરૂગોવિંદ દોનું ખડા કીનકું લાગું પાય;
બલિહારી ગુરૂદેવકી જેણે ગોવિંદ દીયા બતાય. ૩

મોતીદામ છંદ.

હરિગુરૂ સંત સદા પદ સેવું, જેનું નિત્ય નામ નિરંતર લેવું,
ગુરૂગોવિંદ એકરૂપ જાણુ, રખે ભિન્ન ભાવ રૂદેમાં આણુ;
ગુરૂગોવિંદ થકી છે અધિક જેની પરમારથ કારણ શીખ,
ગોવિંદના સરજ્યા પડ્યા જીવજાળ, ગુરૂ તેની મુક્તિ કરે તતકાળ.
એવા ગુરૂ પુરણ પ્રેમદયાળ, પોતાનો જાણી કરે પ્રતિપાળ,
ગુરૂતણું જ્ઞાન ગ્રહ્યું શુકદેવ, સંસાર સમુદ્ર તર્યા તતખેવ;
મળ્યા ગુરૂ નારદને સુખરાશી, તોટળી તતક્ષણ માયાને ચોરાસિ,
ગુરૂવિના કોઈ ન પામે પાર, જેના જશ ગાય ઉમીયા ત્રિપુરાર.
વિરંચી વ્યાસ વદે ગુરૂ ઈષ્ટ, ન જાણે મહિમા પ્રાણી પાપીષ્ટ,
તેને ગુરૂદ્રોહી કૃતઘ્ની કહીએ, જેણે ગુરૂજ્ઞાન ગ્રહ્યું નહિ હૈયે;

ગુરૂને આપ બરાબર જાણે, તેને જમદુત વૈતરણી માં તાણે,
ગુરૂને ગાળ કાઢે તે કપુત, તેનું મુખ ધુળે ભરે જમદુત.
ગુરૂની સેવામાં ચુક પડાવે, તેને હરિ ચક્રની ધારે ચડાવે,
ગુરૂની નિંદા સુણે નિરધાર, સિસું ગાળી રેડે શ્રવણ મોઝાર;
ગુરૂને ચરણે નમાવે ન શિશ, તેને શત્રુરૂપ જાણે જુગદીશ,
ગુરૂની સેજે જે પગ ધારે, તેને ત્રિલોકમાં કોણ ઉગારે.
ગુરૂ મરજાદ ન રાખે કોય, તે તો નરરણમાં રાક્ષસ હોય,
ગુરૂ વિના ચાકટ જેવો સાપ, જેનું મુખ દીઠે ચઢે બહુ પાપ;
ગુરૂ વિના નુગરો ફરે જન જેહ, મુઆ પછી ઢોર અવતરે તેહ,
એવું ગુરૂગીતામાં કહે શિવરાય, જેને વેદશાસ્ત્ર નિરંતર ગાય.
ગુરૂબ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને રૂદે આતમ તત્વ અનુપ,
છે તત્વમસિમાં અખંડ આનંદ, ત્રિગુણાતિત ટાળે ભવફંદ;
એવા ગુરૂ પ્રેમે કરી જે પુજે, તેના ઘટમાંહિ ત્રિભોવન સૂઝે,
ગુરૂનું પ્રેમે ચરણોદક પીધું, તેણે ત્રિલોકનું તીરથ કીધું.
પામે પ્રસાદ ગુરૂનો પ્રીતે, જાણે તેણે જગ્ન કર્યા લક્ષ નિત્યે,
ગુરૂને પ્રેમે સંતોષ પમાડ્યા, જાણે તેણે ચૌદ લોક જમાડ્યા;
ગુરૂને પ્રકંમા કરી લાગે પાય, તેને સૌ સાધન સેહેજે થાય,
એવા ગુરૂ જાણીને આવ્યો શરણ, નિવારો નાથ જનમને મરણ.
ધરી ધરી દેહ પામ્યો મહાદુઃખ, હવે હરિ આપો અવિચળ સુખ,
પીડાયો પાર વિના મહારાજ, હવે હરિ બાંહ્ય ગ્રહ્યાની લાજ;
જોશો અપરાધ અમારા ઈશ, ત્યારે કોઈ કાળે હું કેમ તરીશ,

જ્યારે નિજ માત બાળકને મારે, ત્યારે તેને બીજું તે કોણ ઉગારે.
અભયપદ બિરદ તમારૂં હોય, આવે શરણે તેને હણે નહિ કોય,
તમો ગુણ ગાયે જો કર્મ ન નાસે, ત્યારે કોણ ચરણ તમારા ઉપાસે;
રવિને ઉગે રહે અંધકાર, ત્યારે તેને શીદ ઇચ્છે સંસાર.
અમૃતને પીધે જો રોગ ન જાય, ત્યારે શો અમૃતનો મહિમાય.
સુરતરૂ સેવે ન ભાગે ભુખ, ત્યારે તેને કોણ કહે શુરવૃક્ષ.
તીરથને નહાયે ન જાએ પાપ, ત્યારે શો તીરથનો પરતાપ.
પારસને પરસે ન હોય હેમ, ત્યારે તેને પારસ કહીએ કેમ.
સિંહને શરણે જાંબુક ખાય, ત્યારે સિંહ શરણે ગએ શું થાય.
રામ નામ લીધે દમે અજ્ઞાન, ત્યારે કોણ કહેશે ભલા ભગવાન.
કામ ક્રોધ લોભ લુટે જ્યારે ચોર, ત્યારે શું નાથ તમારૂં જોર;
ધણીમાં જ્યારે મળે નહિ ઢંગ, તેની ત્રિયા કરે ઉઘાડે અંગ,
પતિવૃતા નાગી પતિને લાજ, જુઓ મનમાંહિ તમે મહારાજ
પીડા પામે દાસ પ્રભુને ખોટ, અમોપર કાળ ચલાવે ચોટ,
પ્રભુનું ભજન કરે તે પીડાય, તેનો તમને બટ્ટો છે જદુરાય;
આપો નિજ ભક્તિસંગ ઉમરાવ, રૂદે ખેડો ઉજડ ફેર વસાવો,
બેસારોને બેરખ નામ તમારૂં, તેણે કરી કારજ થાય અમારૂં.
ત્યારે પુરી નગર ન લુટે કોય, જ્યારે રખવાળુ હરિનું હોય,
આવી પ્રભુ કરો રૂદેમાં વાસ, ત્યારે સહુ થાય અવિદ્યા નાશ;
વરતાઓને એક તમારી આણ, ઉઘાડોને રામરતનની ખાણ,
દીનપણું દુર કરો જદુનાથ, હવે હરિ હેતે કરી ઝાલો હાથ.

બોલાવીને પાસ બેસાડો બાપ, પમાડો શીદ હવે પરિતાપ,
ભમાવો શીદ હવે ભગવાન, દયા કરી દીજે અભયપદ દાન.
નાઠે નહિ છુટો ત્રિભુવનનાથ, ન મુકું હું સ્યામ તમારો સાથ,
વેરી મેઘ બિંદુ બરાબર હોય, તમારો સંગ ન મુકું તોય.
માયાને વારો તમે રામરાય. નથી મુજને જંપવા દેતી જરાય,
કરે છે સાધાવાધા બહુ જોર, એવું એનું કારમું કામ કઠોર.
હરિગુરૂ સંતમા અંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે,
એને કોઈ જીતે તે મહા શુરવીર, ડગે નહિ ધર્મધૂરંધર ધીર.
સાગર સાત તે અંજલી નીર, ગૌપદ ભુમી ગગન સમીર,
સુન્યમાં પૂરણ દેખે સોય, મૃત્યુ તેને અમૃતનું ફળ હોય;
જાણ્યા કાંઈ માગશે મારી પાસ,એવું રખે રાખતા શ્રીઅવિનાશ,
રિદ્ધિસિદ્ધિ મારે ન જોઈએ મુક્તિ,ન માગું યોગ સિદ્ધિની જુક્તિ.
ન માગું એક છત્ર રામરાજ, ઇંદ્રતણા આસનનું શું કાજ.
ઇચ્છુ નહિ અજપદને કૈલાસ, ન માગું ગૌલોક વૈકુંઠવાસ;
પદરજ એક ચડાવું શીશ, તમારી મહેરમાયાના અધીશ.
ઇચ્છું નહી અન્ય પદારથ કાંઈ, રાખો નિજ ચરણકમલની છાંય
માગું પ્રેમભક્તિ સત્સંગ સાર, માગું જશ ગાવા લીલા અવતાર,
નડે નહિ કોઈ મને સંસાર, રહુ નિજ નામ તણે આધાર.
પ્રીતમ પ્રતીત ઉધારણ નામ, તાર્યા કઈક કોટી પામ્યા નીજ ધામ.

સાખી.

સત્ય નામ પ્રભુ તમ તણું સત્ય સતપુરૂષ વિચાર
કહે પ્રીતમ શુદ્ધ ભાવશું દીજે નિત્ય. દેદાર

ગાય શીખે ને સાંભળે ધરે નિરંતર ધ્યાન
કહે પ્રીતમ નરરન્તમા નહિ કો તેજ સમાન

સાધનશ્રેણિ.

દોહા.

[1]પહેલાં વેદ ભણિ પછી [3]કહેલ [2]તેમાં [4]કર્મ
[9]આચરવાં [8]નિષ્કામથી [5]પવિત્ર [7]પાળી [6]ધર્મ ૧
[3]પ્રેમથી [2]પુજા [1]ઈશની [6]કરવી [5]કરી [4]વિધાન
[9]પાપ પુંજને ટાળવા [8]કરી [7]કર્મનું દાન ૨
[4]દોષ દષ્ટિ કરવી પછી [1]ભવસુખમાં [3]તજી [2]પ્યાર
[5]આત્મસ્વરૂપને જાણુવા [7]ઘર તજવું [6]નિરધાર ૩
[2]સત્સંગ કરવો [1]સાધુનો [3]સુભ [5]શિખવી [4]રીત
[8]ભક્તિ દઢ [7]ભગવંતની ભાવથી [9]કરવી [6]નીત ૪
[1]શમદમ શાંત્યાદીક તે [3]દઢ કરવા [2]સૌ ધર્મ
[6]સદ્વિદ્વાન સમીપમાં જવું [5]તજીને [4]કર્મ ૫
[1]એક બ્રહ્મને પામવા સ્તુતિ કરિ [3]સેવિ [2]પાય
[4]ઉપનીશદનાં વાક્યનું [7]કરવું [6]શ્રવણ [5]સદાય ૬

શ્રુતિમતિથી મહા વાકયનો કરવો અર્થ વિચાર
વેદ વિરૂધ તર્ક તજી કરવા સ્રુતિ અનુસાર ૭
પ્રતિદિન ચિંતવવું પછી બ્રહ્મજ હું છું તેમ
અહંકાર તેમાં તજી અમૃત થાવું એમ ૮
વપું હું છું એવી મતી તજવી સર્વ પ્રકાર
વાદ વિવેકીથી પછી કરવા નહિ લગાર ૯
રોજ ભુખરૂપ રોગની કરી ચિકિત્સા સાર
ભિક્ષા ઔષધનો કરી અનુપમ નિત્ય અહાર ૧૦
મિષ્ટ અન્નો માગતાં મળે અચાનક જેહ
સંતોષી મન તે થકી નિભાવવો આ દેહ ૧૧
શિતોષ્ણાદિકને સહી વૃથાવાણિ તજી સાવ
દયા ઉદાસિનતા ગ્રહી નિષ્ઠુર તજી સ્વભાવ ૧૨
એકાંતે રહેવું સુખે કરી સમાધી યોગ
પરાત્પરમાં ચિત્તનો દૈ દેવો પછી ભોગ ૧૩
પરિપૂર્ણ પરમાત્મા જોવો સઘળે એક
કલ્પીત જોવું જગતને તેમાં કરી વિવેક ૧૪

જ્ઞાનાગ્નિથી બાળવા સંચિત કર્મો છેક
નથી લેપ આગામીનો ભાવી ભોગ વિવેક ૧૫
બ્રહ્મરૂપ આત્મા વિષે સ્થિતિ થાય સદાય
કૈવલ મુક્તિ તેજ છે ફરિ ન ઉત્પન્ન થાય ૧૬
આનો પાઠ કરી સદા વર્ત્તિ ચિંતવે જેહ
સ્થિર થાય સ્વરૂપમાં અદ્વૈત રૂપે તેહ ૧૭

લલિત છંદ.

અખિલ લોકનાં તત્વને લહો । સમદમાદિના સારને ગ્રહો ॥
દુરગુણી તણો સંગ ના કરો । સુભ ગુણે કરી દુષ્ટતા હરો ॥ ૧ ॥
કરમ ભરમમાં શિદને ભમો । વિદિત વેદના ચર્ણમાં નમો ॥
વિષમ વાતથી ચિત વાલજો । નરમ ભાવથી ધર્મ પાળજો ॥ ૨ ॥
કુટીલ કામની શ્યામતા તજો । વિકટ વિશ્વમાં બ્રહ્મને ભજો ॥
વિષય ભોગમાં દુઃખ છે બહુ । મન વિચારીને જાણજો સહુ ॥ ૩ ॥
સદ્‌ગુરૂ તણા શબ્દ સાંભળો । શ્રવણથી સહુ જ્ઞાનમાં મળો ॥
કપટ કુડને દૂર નાખજો । પરમ શીલ સંતોષ રાખજો ॥ ૪ ॥
પર કલત્રને માત જાણજો । કુટીલતા કહી ચિત્ત નાણજો ॥
ધિરજતા ધરી કાઢી કામના । નિગમરાજની એજ આમના ॥ ૫ ॥
ચતુરતા વડે ચેતિ ચાલજો । પ્રથમ પિંડનું પાપ બાળજો ॥
કપટી જંતુ આ જગતમાં ઘણા । નિરદયા તણી છે નહિ મણા ॥ ૬ ॥

ભક્ત જે નહી ભક્તજી થઈ। જરૂર શંત તે જાણુશો નહી ॥
ગુરૂ થઈ ફરે ફેનમાં ફસી। કરૂણુતા નથી તેહુને કસી ॥ ૭ ॥
વિવિધ ભાતનાં વાકય ઓચરે। મદન અંધ થઈ ખાડમાં પડે ॥
ધન હુરે અરે શોક ના હુરે। અરર એહુનું શરણુ શું કરે ॥ ૮ ॥
સમજી ઉંઘથી સર્વ જાગજો। મત અસત્યથી તરત ભાંગજો ॥
ઝટિતિ જાલજો જ્ઞાન વેદનું। કઠિન કાપજો મૂલ ખેદનું ॥ ૯ ॥
પરમ ધામના પરમને ભજો। સકલ શાસ્ત્રના સાર શોધજો ॥
દુઃખિત દીનને દાન દીજીએ। અધમ કામિને દુર કીજીએ ॥૧૦॥
તજી કપટને સંપ સાધવું। હૃદય આપણું સાફ રાખવું ॥
સરળ બોધ આ સર્વ પ્રશ્નને। વિશદ ધારજો દેવ કૃષ્ણુનો ॥૧૧॥

ગુરૂનું ધ્યાન.

પ્રભાત.

ધ્યાન ધર ધ્યાન ધર નિત ગુરૂ દેવનું,
સકળ મનકામના સિદ્ધ થાશે;
નામ ગુરૂ રટી રટી મન વિકારી મટી,
એક અવિનાશી પદ તરફ જાશે. ટેક.
વિકટ માયા તણી જાળમાં તું ફસ્યો,
કર કશો ખ્યાલ શું જો નિરાશે;
છોડ આકાશ પરકાશ અનુભવ કરી,
મુક્ત થા કાળ તુજને ન ખાશે. ધ્યાન. ૧
વિવિધ ઉપભોગ અજ્ઞાનના રોગ એ,

જ્ઞાનનાં જોગકર તું વિચારી;
કાં અવિચારી થઈ લુબ્ધ થા નારિશું,
શુદ્ધ ને બુદ્ધ કયાં તેં વિસારી. ધ્યાન૦ ૨
સત્યનો પંથ નિશ્ચય કરી ગ્રહણ કર,
ભ્રમણ કર વ્યર્થ શિદ જા નહારિ;
ઠારી તુજ હૃદય ગુરૂબોધ આભારિ,
આભારિ થઈ પ્યારથી લે સ્વિકારી. ધ્યાન૦ ૩
હઠ કરી મનતણો રોધ તું કાં કરે,
શઠ નહિ ક્રોધ હઠથી તું વામે;
શોધ કર શુદ્ધ થઈ યુદ્ધ અજ્ઞાન શું,
બુદ્ધિ એથીજ વિસ્તાર પામે. ધ્યાન૦ ૪
રજ્જુમાં સર્પ નહિ દર્પ તજી ભાન કર,
ઉઠ બ્રહ્મ ગાન કર આઠ જામે;
આમ નિષ્કામ હરી શુદ્ધ થઈ જો ભજે,
તો મઝે પરમપદ તું વિરામે. ધ્યાન૦ ૫

હરિગીત છંદ.

નિકટ બ્રુમા નિકટ માયા સંગમે શક્તિ રહી,
તે વિશે મહાતત્વમાંથી ત્રિગુણની રચના થઈ;
રજોએ બ્રહ્મસ્વરૂપે તન્માત્રા પાંચે કરી,
શબ્દ સ્પર્શ રસરૂપગંધે પ્રબળ શક્તિને ધરી. ૧

સત્વ તે વિષ્ણુસ્વરૂપે યગપાતા યશમા રહી,
મન બુદ્ધિ અહંકાર ચિત્ત અંતઃકરણ ચુક્તિ ગ્રહી,
તમો ગુણહરી રૂદ્રરૂપે પંચભૂત મમતા ધરી,
ત્રિગુણ દેવ **ઓમ્**કારરૂપે શ્રષ્ટિની રચના કરી. ૨
અંતઃકરણ પરિછિન્ન ચેતન પ્રમાપદ ધારણ કરી,
પ્રમાણરૂપ પરિછિન્ન વૃત્તિ કરણ કારણતા ધરી;
દ્વંદ્વ ચૈતન્ય યોગ થઇને પ્રમિતિ અર્થે જઈ,
પદ અર્થનો સંયોગ થઈને પદાર્થ માયા ભઈ. ૩
શુદ્ધ સત્વ પરિછિન્ન ચેતન ઈશ્વરિ શકિત ધરી,
બુદ્ધિમાં આભાસ શાથે કર્મ ફળદાતા હરી;
મલિન સત્વ પરિછિન્ન ચેતન જીવપદ અજ્ઞાનથી,
ધર્મ સુખ અધર્મ દુઃખને પામે નિજ અભિમાનથી ૪
ભુલી બ્રહ્મપદ ભ્રમિત થઈને પરિતાપ પામે સદા,
સર્વજ્ઞ પણ અલ્પજ્ઞ માની નિજ શક્તિ જાણે નવ કદા.
અંતર ગંગા અંતર યમુના, અંતરમાંહે સરસ્વતિ,
અંતર કાશી, અંતર ગોકુળ, અંતરમાં દ્વારામતી. ૫
અંતર સિંધુ અંતર રેવા અંતરમાંહી ગોદાવરી,
બ્રહ્માંડની અનહદ રચના પુરી રહી **સોહંપુરી**,
અવિદ્યા અધિષ્ટાન ચેતન નામ રૂપ આધાર જે,
અતિ ભાતિ પ્રિય ગુણે નિરાકાર સાકાર તે. ૬
નિર્વિશેષ નિર્લેપ **આત્મા** નિત્યમુક્ત કૂટસ્થ જે,
દેશ કાળ ભેદી રહ્યા પણ દેશકાળ વિરકત તે;

ધ્યેય ધ્યાતા એક **અદ્વૈત** પુરણબ્રહ્મ વિભુ સદા,
કર્તા અકર્તા પૂર્ણજ્યોતિ નિઃસંગે સંગે તથા. ૭
દુર નહીં સમીપ નહીં પણ સ્વયંભુ નિજરૂપ છે,
કલ્પવૃક્ષ પુરણ આનંદ સર્વરૂપ નિરૂપ તે;
ઉપદેષ્ટાને વિશ્વકારણ પુરુષોત્તમ ઉત્તમ સદા,
ધર્મરૂપ અનંત જ્યોતિ પરમ આનંત સર્વદા. ૮

સનાતન ધર્મ.

ગરબો.

(ઓ વાંસલડી વેરણ થઈ લાગીરે બ્રિજની નારને.)

ઓ નરનારી ધર્મસનાતન શુણજો પ્રેમે ગાઉં,
શુભ ગુણ એમાં જેહ રહ્યા તે આજે હું દરશાઉં. ટેક.
છે **ધર્મ સનાતન** શુભ મોટો, નહિ જડે બીજો એનો જોટો,
એતો ગુલાબ પુષ્પતણો ગોટો. ઓ નરનારી. ૧
પ્રથમ ધિરજ ધર્મ અહિંઆ લઈએ, દુઃખ અનેક પડે તે તો સહીએ,
[illegible] વિના કેમ પછિ રહિએ. ઓ નરનારી. ૨
બીજો ધર્મ **ક્ષમા** સુણો કહું ભાઈ, **તમોગુણ** તમો રાખો નાહિ,
પછી શત્રુ કેમ દમે આહિં. ઓ નરનારી. ૩
ત્રીજો ધર્મ **દમ** ટુંકામાં કહું, શિત, ઉષ્ણ ધીરજ રાખી સહેવું,
તેમજ પરજન્યથી નહિ ડરવું. ઓ નરનારી. ૪

ચોથો **અસ્તેય** ધર્મ ગણો, ચોરી કરવી નહિ એ અર્થ જાણો,
વડો દોષ તો વિશ્વાસઘાતતણો. ઓ નરનારી. ૫
કહું ધર્મ પાંચમો જે છે તે, સૌ નરનારી સુણજો હેતે;
મહા **શૌચ** જનોને સુખ દે તે. ઓ નરનારી. ૬
એ **શૌચ**તણા બે પ્રકારજનો અંતર અને બાહ્ય કહ્યા તેને;
આગ્રહથી રાખો સૌ એને. ઓ નરનારી. ૭
દંતધાવન સ્નાન ઈત્યાદિક જે, તેને **બાહ્યશૌચ** ગણો પોતે;
પછી દેહે દુઃખ કેમ થાય કહો તેને. ઓ નરનારી. ૮
સંધ્યા આદિક ષડ્કર્મ કરો, નિર્મળ કરી મન હરિ હૃદય ધરો,
એવો તે **અંતરશૌચ** ખરો. ઓ નરનારી. ૯
ઈંદ્રિનિગ્રહ છઠો ધર્મ, સુણો એમાં જેહ રહ્યા મર્મ;
થાઓ જિતેન્દ્રિય થઈને પછી પર્મ. ઓ નરનારી. ૧૦
હવે ધર્મ સાતમો કહું આહિં, **બુદ્ધિને** ધરજો દિલમાંહિં;
એનાથી સૌ રહે સુખદાઈ. ઓ નરનારી, ૧૧
હવે ધર્મ આઠમો **વિદ્યા**, કહિએ છુપું ધન સંસાર મહિં;
બ્રહ્મવિદ્યા લઈ જાય બ્રહ્મ જહિં. ઓ નરનારી ૧૨
સત્યનો અર્થ સાચું લહો, સત્યમેવજયતિ સત્ય બ્રહ્મ ચહો;
અસત્યતાણું તો નામ દહો. ઓ નરનારી ૧૩
દસમો ધર્મ તો **ક્રોધ** કરવો નહિ, એથી અરિદલ શ્રષ્ટિમાં દેખો નહિ,
મૈત્રી થશે સર્વ લોકસહિ, ઓ નરનારી. ૧૪

એ શિવાય પણ વલી એક હજું, ધર્મ અહિંસાને એક ચિત્ત ભજું;
જેથી રાક્ષસી ઈર્ષાનેજ.તજું. એ નરનારી. ૧૫
એરિતે ટુંકામાં કહ્યો છે અમે, સાર ધર્મ સનાતન સુણ્યોતમે
સજ્જનને તો એ બહુજ ગમે. એ નરનારી ૧૬
એને કલ્પવૃક્ષ જાણો બાઈ, એથી અષ્ટસિધ્ધિ મળશે અહિં
ઉંચે ચઢો પગથીઉં એસાહી. એ નરનારી. ૧૭
ચળે પૃથિવ પાણી મેરૂઆદિ, ચળે ગ્રહ, તારા, નક્ષત્રાદિ,
પણ ચળે ન ધર્મ એ સત્યવાદી. એ નરનારી ૧૮
માટે સૌ જન એને અચળ ગણિ, ચઢો ધર્મસનાતન નિસરણી.
જેથી નિશ્ચ બ્રહ્મધામભણિ. એ નરનારી. ૧૯

સનાતન ધર્મ અચળ છે.

માલિની વૃત.

ચળચળ પ્રિયબંધુ ગ્રહ નક્ષત્ર તારા
ચળચળ પ્રિયબંધુ મ્હેલ મદિર સારાં
ચળચળ પ્રિયબધુ પૃથ્વી ને આપ આદિ
ચળચળ પ્રિયબધુ મેરુ વિધ્યાચળાદિ.
ચળચળ પ્રિયબધુ સૂર્ય બ્રહ્માંડ મોટાં
ચળચળ પ્રિયબંધુ ચંદ્ર ચંદ્રાંગ છોટા
ચળચળ પ્રિયબંધુ વિષ્ણુ ને રુદ્ર જેવા
ચળચળ પ્રિયબધુ લક્ષ્મી બ્રહ્માદિ દેવા

અચળજ પ્રિયબંધુ સત્ય પુરૂષ વાક્યં
અચળજ પ્રિયબંધુ **ધર્મ** સત્યં **સનાતન**
અચળજ પ્રિયબંધુ સર્વદા સાક્ષિભૂતમ્
અચળજ પ્રિયબંધુ **સચ્ચિદાનંદ**રૂપમ.

સૂર્યાષ્ટક.

શ્રી ગણેશાયનમઃ સામ્બ ઉવાચ

આદી દેવનમસ્તુભ્યં પ્રસીદમમ ભાસ્કર
દીવાકર નમસ્તુભ્યં પ્રભાકર નમો સ્તુતે ૧
સમાશ્વરથમા રૂઢં પ્રચણ્ડં કશ્યપાત્મજમ્
શ્વેત પદ્મધરં દેવંતં સૂર્યંપ્રણુમામ્યહમ્ ૨
લોહિત રથમારૂઢં સર્વ લોક પિતા મહમ્
મહાપાપહરંદેવં તં સૂર્યં પ્રણુમામ્યહમ્ ૩
ત્રૈગુણ્યં ચ મહા શૂરં બ્રહ્મ વિષ્ણુ મહેશ્વરમ્
મહા પાપ હરં દેવં તં સૂર્યં પ્રણુમામ્યહમ્ ૪
બૃંહિતં તેજઃ પુંજંચ વાયુરાકાશ મેવચ
પ્રભુસ્ત્વં સર્વ લોકાનાં તં સૂર્યં પ્રણુમામ્યહમ ૫
બંધુકપુષ્પ સંકાશં હારકુંડળ ભૂષિતમ
એક ચક્ર ધરં દેવં તં સૂર્યં પ્રણુમામ્યહમ ૬
તં સૂર્યં જગત્કર્ત્તારં મહાતેજઃ પ્રદીપનમ
મહાપાપ હરં દેવં તં સૂર્યં પ્રણુમામ્યહમ ૭
તં સૂર્યં જગત્તાનાથં જ્ઞાનવિજ્ઞાન મોક્ષદમ
મહાપાપ હરં દેવં તં સૂર્યં પ્રણુમામ્યહમ્ ૮

સૂર્યાષ્ટકં પઠેન્નિત્યં, ગ્રહપીડા પ્રણાશનમ્, અપૂત્રો લભતે પૂત્રં દરિદ્રો ધનવાન્ભવેત્. ૯ આમિષં મધુપાનચ, યઃ કરોતિ રવેર્દિને, સપ્તજન્મ ભવેદ્રોગી, જન્મ જન્મ દરિદ્રતા ૧૦ સ્ત્રીતૈલમધુમાંસાનિ, યસ્ત્યજે-તુ રવેર્દિને, ન વ્યાધિઃ શોક દારિદ્રયં સૂર્ય લોકં સગચ્છતિ ૧૧.

ઈતિશ્રી શીવપ્રોક્તં સૂર્યાષ્ટકં સમાપ્તમ્૦

દત્તાત્રયાય ભગવાનનું ધ્યાન.

ૐ નમો ભગવતે દત્તાત્રયાય સ્મરણ
માત્ર સંતુષ્ટાય મહાભય નિવારણાય
મહાજ્ઞાન પ્રદાય ચિદાનંદાત્મને બાલોન્મત
પિશાચ વે વાયેતિ મહા યોગીને અવધુતાયેતિ
અનસૂયા નંન્દન વર્ધનાયા અત્રિપુત્રાયેતિ
સર્વ કામ ફળ પ્રદાયા.

ઇતિ ધ્યાન સમાપ્ત.

(રાગ ધનાશ્રી.)

સંકટ હરો ભોળાનાથ, હમારા, સંકટ હરો ભોળાનાથ,
મૌલેશ્વર શુભ નામ ધરીને, બીરાજો સાક્ષાત–હમારા.
માયાના મહા દુઃખે રીબાઉ, ઠરૂં નહિ દિન રાત–હમારા.
કામ ક્રોધને મહા અભિમાને, મંદ થયા મમ ગાત્ર–હમારા.
જણાયે નહિ ઠામ રહેવાનો, જ્યાં જોઉં ત્યાં ઉત્પાત–હમારા.
થાકયો સઘળે રવડી રખડી, લેશ વળે ન નિરાંત–હમારા.
જાણ્યું સાચુ શરણ તમારૂં, આવ્યો હું શરણે નાથ–હમારા.
માફ કરજો દોષ હમારા, લાજ તમારે હાથ–હમારા.

રાગ પદ.

આજે આનંદ અવસર આવ્યોરે હરિ ગુણ ગાવાનોરે.
હરિ ગુણ ગાવાનો પ્રભુ ધ્યાન ધરવાનોરે—આજે
જગની જંજાળમાં, પૂરેરે ફસાયો વહાલા—૨
માત તાત ને ભાઈ ભગિની, નહિ કોઇ સંગાથેરે—આજે
સૂર્યોદય થાયેરે પાછો અસ્ત તો થવાનો વહાલા—૨
તેમ ભવ સુખ અસ્ત થાશેરે ત્યારે યમના તેડા આવશેરે—
—આજે.
યમના તેડા આવે ત્યારે વિલંબ ના થાયે વહાલા—૨
આત્મારામ દાસ તમારો પ્રભુજી મારો કે ઉગારોરે—આજે.

(ધનાશ્રી)

આનંદ ઉર ન માય, પ્યારા પ્રભુ, આનંદ ઉર ન માંય;
—પ્યારા પ્રભુ૦
તમે છો મોટા, સત્ય જ્ઞાની, સાહ્યક જગના નાથ.
—પ્યારા પ્રભુ૦
માણસ માત્ર પર, દયા કરો છો, પાળો સકળ સંસાર,
—પ્યારા પ્રભુ૦
રામ કૃષ્ણ, સર્વે છો સરખા, ભક્તિથી મોક્ષ પમાય,
—પ્યારા પ્રભુ૦
મન, તન, ધન, તમને, અર્પણ કરીએ, પમાડો ભવપાર;
—પ્યારા પ્રભુ૦

જગતના જીવ, પાળો સદાયે, તેથીજ ઉમંગ ન માંય;
—પ્યારા પ્રભુ૦

મહીમા તમારો, અપાર દીશે છે, તેથી સહુ તમને ચ્હાય;
—પ્યારા પ્રભુ૦

નામો તમારા, જગ પ્રસિદ્ધ છે, તેથી યસોજ ગવાય:
—પ્યારા પ્રભુ૦

દાસો ઉપર, કરૂણા કરો છો, તેથીજ હર્ષિત થવાય;
—પ્યારા પ્રભુ૦

સકળ જગતના, ફેરા મટાડો, દોષ ન જુઓ દીનાનાથ;
—પ્યારા પ્રભુ૦

વિકળ અકળને, ટાળો પ્રભુજી, જેથી સંતોષિ થવાય;
—પ્યારા પ્રભુ૦

છબી તમારી, હર્નીશ નીરખી, મનરે, નીર્મળ થાય;
—પ્યારા પ્રભુ૦

વાદળ દુઃખનું, આવે જ્યારે, કૃપા કરજો તત્કાળ;
—પ્યારા પ્રભુ૦

વાખ્યાન તમારાં, સાંભળવાથી, પાપોની નિવૃત્તિ થાય;
—પ્યારા પ્રભુ૦

લાખના મહેલથી પાંડવ ઉગાર્યા કૃપા કરજો તેવી નાથ;
—પ્યારા પ્રભુ૦

(ઉભી ઉભી વાટ જુએ મીરાં.)

હું તો માળા જપું દીનરાતરે, મૌલેશ્વરની માળા જપું,
વ્યાધિ ઉપાધિ ટાળી, બુરી સંસારનીરે;
સાચુ જાણીએ સુખ ધામરે–મૌલેશ્વરની માળા જપું.
કૈલાશ સિંહાસને, ભોળા બીરાજો છો;
તમારી મોટી છે મુને હામરે–મૌલેશ્વરની માળા જપું.
ધાર્યો કંઠ માંહિ સર્પ, હાર અમુલખ;
જેની શોભાનો નહિ પારરે–મૌલેશ્વરની માળા જપું.
ભોળા દયાની દ્રષ્ટે, દાસ નિહાળોરે;
દોષો કરીને સહુ દુરરે–મૌલેશ્વરની માળા જપું,
જેવો તેવો પણ આત્મારામદાશ તમારો;
શરણે રાખો હે મમ ભોળા નાથરે–મૌલેશ્વરની માળા જપું.

સુખ કેવી રીતે થઈ શકે ?

(મેમાન થયા તમે મ્હારા એ લય)

સુખ અતિ થાશે એક વાતે, સ્નેહધારી આ દુનીઆમાં.
કરો દાન દયા ઉમગે, સ્નેહધારી—ટેક.
સર્વ જીવ તણી કરો રક્ષા
સમ માની ગણો મીઠ મેવા
ભલે હોય તે જેવા તેવા
હરિના બાલો ગણી લેવા—સ્નેહધારી· ૧

દ્વેષ રાખો નહિરે કદાપિ
જીવ જાય ભલેરે તદાપિ
પડે સંકટ ભારે યદ્યપિ
હરિ સ્હાયે ન ડરશો તદાપિ—સ્નેહધારી ૨
બંધુ સૌને તમે માનો
દુશ્મન નવ રહેશે છાનો
નિમિત્ત ન તોલો થવાનો
હરિની દ્રષ્ટિએ જવાનો—સ્નેહધારી. ૩
કામો કરજો તમે એવા
આ જીવને શાન્તિ મળે તેવાં
તત્પર રહેજો દાન દયામાં
માનો બાળો સર્વે પ્રભુના—સ્નેહધારી. ૪
રાખો નિતિ સઘળી જોઈ
મનમાં છાપા પાડો સવળી
જ. ગતમાં વધશે મોટી વધાઇ
વિ. કળ અકળાને સમાવો સમયો જોઈ—સ્નેહધારી. ૫

આરતિ.

જય હરિ હર સ્વામિ પ્રભુ જય હરિ હર સ્વામિ
સગુણ નિર્ગુણરૂપ (૨) છો અંતરજામી. જયદેવ જ.
અખંડ અશંગ અરૂપ, છો પુરણ પોતે, પ્રભુ
તત્વ સ્વં પ્રકાશ (૨) દર્શનમાં દીસે. જયદેવ જ.

પચ તત્વનુ દેવળ છે દેવ બહુ નામી, પ્રભુ
નરનારાયણ પોતે થઈને (૨) વિશ્વ શકલ વ્યાપી. જયદેવ જ.
સર્વસ્વ રૂપી આપ સદાસચ્ચી દયાનદે, પ્રભુ
ત્રણ અવસ્થા પાર (૨) દ્રષ્ટાથીર જ્યોતિ. જયદેવ જ.
અકાર ઉકાર મકાર અમાત્રા પદ પોતે, પ્રભુ
દશ સ્વરૂપસોહ સનાતન (૨) પ્રણવ પુરૂષ પરીબ્રહ્મ.
જયદેવ જય.
તત્વ મસી પદ ચાર આતમ આહુન્હુ, પ્રભુ
આદ બ્રહ્મ છો આપ (૨) જુગતીથી જોતાં. જયદેવ જય.
નીજ સ્વરૂપની આરતિ આનદથી કરીએ. પ્રભુ
પુરણ પદ પરમેશ (૨) પોતે થઈ ફરીયે. જયદેવ જય
સદ્દગુરૂ દેવની આરતી મનવાંછિત આપે. પ્રભુ
સદા સુખ શાતિમા (૨) અવિચલ સ્થિર સ્થાપે. જયદેવ જય
જય હરિ હર સ્વામિ પ્રભુ જય હરિ હર સ્વામિ. પ્રભુ